Extra No. 35

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII ] THURSDAY, JANUARY 15, 2026 / PAUSHA 25, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા નાણા વિભાગના તારીખઃ ૨૯મી ઓક્ટોબર, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૪૭)/જીએસટી-૨૦૨૪/એસ.૧૬૪(૮૮)/જીએસટી સેલ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Gujarat Goods and Services Tax Act, 2017**

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ**

**જાહેરનામું**

**જાહેરનામું ક્રમાંક. ૨૦/૨૦૨૪-રાજ્ય વેરો**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૨૦૨૪

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંક: (જીએચએન-૪૭)/જીએસટી-૨૦૨૪/એસ.૧૬૪(૮૮)/જીએસટી સેલ:** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૬૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) આ નિયમોમાં અન્યથા જોગવાઈઓ કરી હોય તે સિવાય, તે સન ૨૦૨૪ના ઓક્ટોબર મહિનાની ૮મી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, સદરહુ નિયમો તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩૬માં, પેટા-નિયમ (૩)માં, "કોઈપણ માંગ મંજૂર કરી હોય, ત્યારે" એ શબ્દો પછી, "કલમ ૭૪ હેઠળ" એ શબ્દો દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪૬માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ,-

(ક) ખંડ (ફ) પછી, બીજો પરંતુક કમી કરવો;

(ખ) ત્રીજા પરંતુકમાં, "વળી" એ શબ્દને બદલે, "વધુમાં" એ શબ્દ મૂકવો;

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૭ પછી, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૪૭ક. પુરવઠો મેળવનારે ભરતિયું કાઢી આપવા ફરમાવેલ હોય ત્યારે વેરા ભરતિયું કાઢી આપવા માટેની સમય મર્યાદા.- નિયમ ૪૭માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૪૬માં ઉલ્લેખેલ ભરતિયું, કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ વેરા ચૂકવવા માટે જવાબદાર હોય તેવી રજિસ્ટર થયેલ વ્યક્તિ દ્વારા કલમ ૩૧ની પેટા-કલમ (૩)ના ખંડ (છ) હેઠળ કાઢી આપવા ફરમાવેલ હોય, ત્યારે માલ અથવા સેવા અથવા યથાપ્રસંગ, તે બન્નેનો સદરહુ પુરવઠો પ્રાપ્ત થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર સદરહુ ભરતિયું કાઢી આપવું જોઈશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૬૬માં, પેટા-નિયમ (૧)માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, "નમૂના જીએસટીઆર-૭માં" એ શબ્દ, અક્ષરો અને આંકડા પછી, "કેલેન્ડર મહિના પછી આવતા મહિનાની દસમી તારીખે અથવા તે પહેલા" એ શબ્દો દાખલ કરવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૮૬માં, પેટા-નિયમ (૪ખ)માં, ખંડ (ખ)માં, "નિયમ ૯૬ના પેટા-નિયમ (૧૦)ના ઉલ્લંઘનના કિસ્સામાં" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૮૮ખ-માં, પેટા-નિયમ (૧)માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, "અથવા કલમ ૭૪" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક" એ શબ્દો, આંકડા અને અક્ષર મૂકવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૮૮ઘ-માં, પેટા-નિયમ (૩)માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, "અથવા કલમ ૭૪" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક" એ શબ્દો, આંકડા અને અક્ષર મૂકવા.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૮૯માં,-

(ક) પેટા-નિયમ (૪)માં,-

(૧) ખંડ (ખ)માં, "જેના માટે પેટા-નિયમો (૪ક) અથવા (૪ખ) અથવા તે બન્ને હેઠળ રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય તેવી મેળવેલી ઈનપુટ વેરા શાખ સિવાયની" એ શબ્દો કમી કરવા;

(૨) ખંડ (ગ)માં, "જેના સંબંધમાં પેટા-નિયમો (૪ક) અથવા (૪ખ) અથવા તે બન્ને હેઠળ રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય તેવા પુરવઠાના ટર્નઓવર સિવાય" એ શબ્દો કમી કરવા;

(૩) ખંડ (ચ)માં, "(ક) શૂન્ય દરના" એ કૌંસ, અક્ષર અને શબ્દોથી શરૂ થતા અને "બાદ કરીને" એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, "શૂન્ય દરના પુરવઠા સિવાયના મુક્તિ આપેલ પુરવઠાઓની કિંમતને બાદ કરીને" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા-નિયમો (૪ક) અને (૪ખ) કમી કરવા;

(ગ) પેટા-નિયમ (૫)માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (ક)માં, "પેટા-નિયમો (૪ક) અથવા (૪ખ) અથવા તે બન્ને હેઠળ જેના માટે રિફંડનો દાવો કરેલો હોય, તેવી મેળવેલી ઇનપુટ વેરા શાખ સિવાયની" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો કમી કરવા.

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૯૬માં, પેટા-નિયમ (૧૦) કમી કરવો.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૯૬ખ-માં, પેટા-નિયમ (૧)માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, "કલમ ૭૩ અથવા ૭૪" એ શબ્દો અને આંકડાને બદલે, "કલમ ૭૩ અથવા કલમ ૭૪ અથવા કલમ ૭૪ક" એ શબ્દો, આંકડા અને અક્ષર મૂકવા.

૧૨. સદરહુ નિયમોમાં, કલમ ૧૨૧માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખે અમલમાં આવે તેમ, "કલમ ૭૩ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪ હેઠળ ખોટી રીતે ઉપલબ્ધ થયેલી (મેળવેલી) કોઇ શાખના સંબંધમાં સંપૂર્ણતઃ અથવા અંશતઃ કાર્યવાહી શરૂ કરવી જોઇશે" એ શબ્દો અને આંકડા અને અક્ષરોને બદલે, "કલમ ૭૩ અથવા કલમ ૭૪ અથવા કલમ ૭૪ક હેઠળ ખોટી રીતે ઉપલબ્ધ થયેલી (મેળવેલી) કોઇ શાખના સંબંધમાં સંપૂર્ણતઃ અથવા અંશતઃ કાર્યવાહી શરૂ કરવી જોઇશે" એ શબ્દો અને આંકડા અને અક્ષરો મૂકવા.

૧૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪૨માં, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ,-

(ક) પેટા-નિયમ (૧)માં,-

(૧) ખંડ (ક)માં, "અથવા કલમ ૭૪" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક" એ શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કરવા;

(૨) ખંડ (ખ)માં, "કલમ ૭૪ની" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક ની પેટા-કલમ (૩)ની" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા;

(ખ) પેટા-નિયમ (૧ક)માં, "કલમ ૭૪ની" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક ની પેટા-કલમ (૧)ની" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા;

(ગ) પેટા-નિયમ (૨)માં, "અથવા, યથાપ્રસંગ, કલમ ૭૪ની પેટા-કલમ(૫)ની જોગવાઇ અનુસાર વેરા, વ્યાજ અને દંડ" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "અથવા યથાપ્રસંગ, કલમ ૭૪કની પેટા-કલમ (૮)ના ખંડ (૧) અથવા કલમ ૭૪ની પેટા-કલમ(૫) અથવા કલમ ૭૪કની પેટા-કલમ (૯)ના ખંડ (૧)ની જોગવાઇ અનુસાર વેરા, વ્યાજ અને દંડ" એ શબ્દો, કૌંસ અને આંકડા અને અક્ષરો મૂકવા;

(ઘ) પેટા-કલમ (૨ખ)માં, "અથવા કલમ ૭૪" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક" એ શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કરવા;

(ચ) પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૩) જ્યારે વેરો ચાર્જ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિ, કલમ ૭૩ની પેટા-કલમ (૮) હેઠળ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪કની પેટા-કલમ (૮)ના ખંડ (૨) હેઠળ વેરાની અને વ્યાજની ચુકવણી કરે અથવા કલમ ૭૪ની પેટા-કલમ (૮) હેઠળ અથવા યથાપ્રસંગ, કલમ ૭૪કની પેટા-કલમ (૯)ના ખંડ (૨) હેઠળ વેરા, વ્યાજ અને દંડની ચુકવણી તેમાં નિર્દિષ્ટ કરેલી મુદતમાં કરે અથવા જ્યારે કોઇ વ્યક્તિ, કલમ ૧૨૯ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ રકમની, તે કલમની પેટા-કલમ (૩) હેઠળ બજાવેલી નોટિસના સાત દિવસની અંદર પરંતુ સદરહુ પેટા-કલમ (૩) હેઠળ હુકમ કર્યા પહેલાં ચુકવણી કરે, ત્યારે તેણે આવી ચુકવણીની યોગ્ય અધિકારીને નમૂના જીએસટી ડીઆરસી-૦૩માં જાણ કરવી જોઇશે અને યોગ્ય અધિકારીએ સદરહુ નોટિસના સંબંધમાં નમૂના જીએસટી ડીઆરસી-૦૫-માં કાર્યવાહી પૂર્ણ થઇ હોવાની સૂચના બહાર પાડવી જોઇશે.";

(છ) પેટા-નિયમ (૪) માં, "કલમ ૭૪ની પેટા-કલમ (૯)" એ શબ્દો, કૌંસો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક ની પેટા-કલમ (૬)" એ શબ્દો, કૌંસો, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

(જ) પેટા-નિયમ (૫) માં, "કલમ ૭૪ની પેટા-કલમ (૯)" એ શબ્દો, કૌંસો અને આંકડા પછી, "અથવા કલમ ૭૪ક" એ શબ્દો, કૌંસો, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬૩ પછી, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ નીચેનો નિયમ દાખલ કરવો:-

"૧૬૪. કલમ ૭૩ હેઠળ કરેલી માંગણીઓના સંબંધમાં કલમ ૧૨૮ક હેઠળ કાર્યવાહીઓ બંધ કરવા માટેની કાર્યરીતિ અને શરતો.- (૧) કલમ ૧૨૮ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)માં ઉલ્લેખ કરેલી નોટિસ અથવા પત્રકના સંબંધમાં વ્યાજ અથવા દંડ અથવા તે બન્નેની મુક્તિ માટે પાત્ર હોય તેવી કોઈપણ વ્યક્તિ, માંગણી કરેલા વેરાની તરફેણમાં નમૂના જીએસટી ડીઆરસી-૦૩માં કરેલી ચુકવણીની વિગતો સાથે સદરહુ નોટિસ અથવા યથાપ્રસંગ, પત્રકની વિગતો પૂરી પાડતી અરજી, કોમન પોર્ટલ પર નમૂના જીએસટી એસપીએલ-૦૧ માં ઈલેક્ટ્રોનિક સ્વરૂપે દાખલ કરી શકશે.

(૨) કલમ ૧૨૮ક-ની પેટા-કલમ (૧)ના ખંડો (ખ) અને (ગ)માં ઉલ્લેખ કરેલા હુકમોના સંબંધમાં વ્યાજ અથવા દંડ અથવા તે બન્નેની મુક્તિ માટે પાત્ર હોય તેવી કોઈપણ વ્યક્તિ, માંગણી કરેલા વેરાની તરફેણમાં કરેલી ચુકવણીઓની વિગતો સાથે સદરહુ હુકમની વિગતો પૂરી પાડતી અરજી, કોમન પોર્ટલ પર નમૂના જીએસટી એસપીએલ-૦૨ માં ઈલેક્ટ્રોનિક સ્વરૂપે દાખલ કરી શકશે:

પરંતુ માંગણી કરેલા તેવા વેરાની તરફેણમાં કરેલી ચુકવણી, સદરહુ હુકમ દ્વારા ઊભી કરેલી ઉધાર નોંધની સામે ઈલેક્ટ્રોનિક જવાબદારીના રજિસ્ટરમાં રકમ જમા કરીને જ કરવી જોઈશે:

વધુમાં, માંગણી કરેલા તેવા વેરાની તરફેણમાં ચુકવણી નમૂના જીએસટી ડીઆરસી-૦૩ મારફત કરેલી હોય, તો સદરહુ વ્યક્તિએ, નમૂના જીએસટી એસપીએલ ૦૨-માં અરજી દાખલ કરતા પહેલાં, સદરહુ માંગણી માટે ઊભી કરેલી ઉધાર નોંધની સામે ઈલેક્ટ્રોનિક જવાબદારીના રજિસ્ટરમાં સદરહુ રકમ જમા કરવા માટે, નિયમ ૧૪૨ના પેટા-નિયમ (૨-ખ)માં ઠરાવ્યા મુજબ નમૂના જીએસટી ડીઆરસી-૦૩ક માં અરજી કરવી જોઈશે.

(૩) કલમ ૧૨૮ક ની પેટા-કલમ (૧) માં ઉલ્લેખ કરેલી નોટિસ અથવા પત્રક અથવા હુકમમાં ભૂલભર્યા રિફંડના કારણે આંશિક રીતે અને અન્ય કારણોસર આંશિક રીતે વેરાની માંગણીનો સમાવેશ થતો હોય, ત્યારે સદરહુ પેટા-કલમ હેઠળ જાહેર કરેલી તારીખે અથવા તે પહેલાં, સદરહુ નોટિસ અથવા પત્રક અથવા હુકમમાં માંગણી કરેલા વેરાની પૂરી રકમની ચુકવણી કર્યા પછી જ પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળ અરજી દાખલ કરી શકાશે.

(૪) કલમ ૧૨૮ક ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખ કરેલી નોટિસ અથવા પત્રક અથવા હુકમમાં સદરહુ પેટા-કલમમાં ઉલ્લેખ કરેલી મુદત માટે આંશિક રીતે અને સદરહુ પેટા-કલમમાં ઉલ્લેખ કરેલી મુદત સિવાયની મુદત માટે આંશિક રીતે વેરાની માંગણીનો સમાવેશ થતો હોય, ત્યારે સદરહુ પેટા-કલમ હેઠળ જાહેર કરેલી તારીખે અથવા તે પહેલાં, સદરહુ નોટિસ અથવા પત્રક અથવા હુકમમાં માંગણી કરેલા વેરાની પૂરી રકમની ચુકવણી કર્યા પછી જ પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળ અરજી દાખલ કરી શકાશે.

(૫) પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળ ચૂકવવાપાત્ર રકમ, કલમ ૭૩ હેઠળની નોટિસ અથવા પત્રક અથવા યથાપ્રસંગ, હુકમના સંબંધમાં ચૂકવવાપાત્ર રકમમાંથી, કલમ ૧૬ની પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૬) અનુસાર ચૂકવવાપાત્ર ન હોય તેવી રકમની કપાત કર્યા પછી ચૂકવવાપાત્ર બાકી રહેતી હોય તે રકમ હોવી જોઈશે.

(૬) પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળ અરજી દાખલ કરવા માંગતી હોય તેવી કોઈપણ વ્યક્તિ, કલમ ૧૨૮ક ની પેટા-કલમ (૧) હેઠળ જાહેર કરેલી તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર તેમ કરી શકશે:

પરંતુ કલમ ૧૨૮ક ની પેટા-કલમ (૧)ના પહેલા પરંતુકમાં આપેલા કેસોમાં નમૂના જીએસટી એસપીએલ-૦૨ માં અરજી દાખલ કરવાની થતી હોય, ત્યારે સદરહુ અરજી દાખલ કરવા માટેની સમય મર્યાદા, કલમ ૭૩ હેઠળ તેવા વેરા ફરી નક્કી કરતા યોગ્ય અધિકારીના હુકમની જાણ કર્યાની તારીખથી છ મહિનાની રહેશે.

(૭) પેટા-કલમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળની અરજીની સાથે, કલમ ૧૨૮ક ના સંબંધમાં વ્યાજ અથવા દંડ અથવા તે બન્નેની મુક્તિ માટે અરજદાર પાત્ર છે તેમ સ્થાપિત કરવા માટે, અપીલ સત્તામંડળ અથવા ટ્રિબ્યુનલ અથવા યથાપ્રસંગ, કોર્ટ સમક્ષ દાખલ કરેલી અપીલ અથવા રીટ અરજી કોઇ હોય, તો તે પરત લેવાના પુરાવા આપતા દસ્તાવેજો જોડેલા હોવા જોઈશે.

પરંતુ અરજદારે અપીલ સત્તામંડળ અથવા અપીલ ટ્રિબ્યુનલ અથવા યથાપ્રસંગ, કોર્ટ સમક્ષ દાખલ કરેલી અપીલ અથવા રીટ અરજી પરત લેવા માટેની અરજી દાખલ કરેલી હોય, પરંતુ પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળ અરજી દાખલ કર્યાની તારીખ સુધી સંબંધિત સત્તામંડળ દ્વારા પરત લેવાનો હુકમ કરવામાં ન આવેલો હોય, ત્યારે અરજદારે પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળની અરજી સાથે, તેવી અરજી અથવા સદરહુ અપીલ અથવા રિટ અરજી પરત લેવા માટે દાખલ કરેલા દસ્તાવેજોની નકલ અપલોડ કરવી જોઈશે અને સંબંધિત સત્તામંડળ દ્વારા પરત લેવાનો સદરહુ હુકમ કર્યાના એક મહિનાની અંદર, સદરહુ અરજી અથવા રીટ અરજી પરત લેવા માટેના હુકમની નકલ કોમન પોર્ટલ પર અપલોડ કરવી જોઈશે.

(૮) યોગ્ય અધિકારીના અભિપ્રાય હોય કે નમૂના જીએસટી એસપીએલ-૦૧ અથવા નમૂના જીએસટી એસપીએલ-૦૨ માં કરેલી અરજી, કલમ ૧૨૮ક મુજબ વ્યાજ અથવા દંડ અથવા તે બન્નેની મુક્તિ માટે પાત્ર ન હોવાના કારણે અમાન્ય થવાને પાત્ર હોય, ત્યારે તેઓએ, સદરહુ અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર, નમૂના જીએસટી એસપીએલ-૦૩માં અરજદારને કોમન પોર્ટલ પર નોટિસ મોકલવી જોઇશે અને અરજદારને સુનાવણીની તક પણ આપવી જોઇશે.

(૯) પેટા-નિયમ (૮) હેઠળ નોટિસ મળ્યેથી, અરજદાર સદરહુ નોટિસ મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર, કોમન પોર્ટલ પર નમૂના જીએસટી એસપીએલ-૦૪માં, સદરહુ નોટિસનો જવાબ આપી શકશે.

(૧૦) યોગ્ય અધિકારીને ખાતરી થાય કે કલમ ૧૨૮ ક પ્રમાણે અરજદાર, વ્યાજ અને દંડમાંથી મુક્તિ માટે પાત્ર છે, તો તેણે (યોગ્ય અધિકારીએ), કોમન પોર્ટલ પર નમૂના જીએસટી એસપીએલ-૫-માં, સદરહુ અરજીનો સ્વીકાર કરતો અને કલમ ૧૨૮ ક હેઠળ કાર્યવાહી પૂરી કરતો હુકમ કરવો જોઈશે.

(૧૧) યોગ્ય અધિકારીએ, પેટા-નિયમ (૧૦) હેઠળ નમૂના જીએસટી એસપીએલ-૫-માં હુકમ કર્યો હોય તેવા કિસ્સામાં,

(ક) કલમ ૧૨૮ ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)માં ઉલ્લેખેલી નોટિસ અથવા તેવા પત્રકને લગતી, નમૂના જીએસટી એસપીએલ-૦૧માં કરેલી અરજીના સંબંધમાં, યોગ્ય અધિકારીએ, સદરહુ નોટિસ અથવા પત્રકના સંબંધમાં, નિયમ ૧૪૨-ના પેટા-નિયમ (૫) પ્રમાણે નમૂના જીએસટી ડીઆરસી-૦૭માં કરેલા હુકમનો સારાંશ આપવો જરૂરી રહેશે નહિ;

(ખ) કલમ ૧૨૮ ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા ખંડ (ગ)માં ઉલ્લેખેલા હુકમને લગતી નમૂના જીએસટી એસપીએલ-૦૨-માં કરેલી અરજીના સંબંધમાં, ઈલેક્ટ્રોનિક જવાબદારી રજિસ્ટરના ભાગ ૨-માં ઊભી કરેલી જવાબદારીમાં, તદનુસાર ફેરફાર કરવો જોઈશે.

(૧૨) યોગ્ય અધિકારીને, અરજદારના જવાબથી ખાતરી થાય નહિ, તો યોગ્ય અધિકારીએ, નમૂના જીએસટી એસપીએલ-૦૭માં, સદરહુ અરજી રદ કરતો હુકમ કરવો જોઈશે.

(૧૩) (ક) નમૂના જીએસટી એસપીએલ-૦૩માં નોટિસ આપવામાં આવી ન હોય તેવા કિસ્સામાં, યોગ્ય અધિકારીએ, નમૂના જીએસટી એસપીએલ-૦૧માં અથવા યથાપ્રસંગ, નમૂના જીએસટી એસપીએલ-૦૨-માં અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, પેટા-નિયમ (૧૦) હેઠળ હુકમ કરવો જોઈશે.

(ખ) નમૂના જીએસટી એસપીએલ-૦૩માં નોટિસ આપવામાં આવી હોય તેવા કિસ્સામાં, યોગ્ય અધિકારીએ, નમૂના જીએસટી એસપીએલ-૦૪માં અરજદારનો જવાબ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર અથવા અરજદાર તરફથી કોઈ જવાબ મળ્યો ન હોય, ત્યારે નમૂના જીએસટી એસપીએલ-૦૩માં, નોટિસ કાઢી આપ્યાની તારીખથી ચાર મહિનાની મુદતની અંદર પેટા-નિયમ (૧૦)માં અથવા પેટા-નિયમ (૧૨)માં હુકમ કરવો જોઈશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-નિયમના હેતુઓ માટે, પેટા-નિયમ (૭)ના પરંતુકમાં ઉલ્લેખ કરેલા કિસ્સામાં, આ પેટા-નિયમના ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ સમય મર્યાદાની ગણતરી કરતી વખતે, પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨) હેઠળ અરજી દાલખ કર્યાની તારીખથી અથવા યથાપ્રસંગ, અપીલ અથવા રીટ પરત લેવા માટેનો હુકમ રજૂ કર્યાની તારીખ સુધીની સમય મર્યાદાનો સમાવેશ કરવો જોઈશે નહિ.

(૧૪) જો પેટા-નિયમ (૧૩)માં નિર્દિષ્ટ કરેલી સમય મર્યાદાની અંદર યોગ્ય અધિકારીએ હુકમ કર્યો ન હોય, તો તેવા કિસ્સામાં, નમૂના જીએસટી એસપીએલ-૦૧માં અથવા યથાપ્રસંગ, નમૂના જીએસટી એસપીએલ-૦૨-માં કરેલી અરજી મંજૂર થયેલી હોવાનું અને કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનું માની લેવામાં આવશે.

(૧૫) (ક) કલમ ૧૦૭ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી સમય મર્યાદાની અંદર, નમૂના જીએસટી એસપીએલ-૦૭માં કરેલા હુકમ સામે અપીલ કરવામાં આવી ન હોય તેવા કિસ્સામાં, કલમ ૧૨૮ ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા ખંડ (ગ)માં દર્શાવેલા હુકમ સામે અરજદારે દાખલ કરેલી અને કલમ ૧૨૮ ક-ની પેટા-કલમ (૩) અનુસાર નમૂના જીએસટી એસપીએલ-૦૨-માં અરજી દાખલ કરવા માટે પાછી ખેંચેલી મૂળ અપીલ, કોઈ હોય, તો તેને પૂર્વવત કરી શકાશે.

(ખ) વ્યાજ અથવા દંડ અથવા તે બંનેમાંથી મુક્તિ માટેની અરજી રદ કરવા માટે, નમૂના જીએસટી એસપીએલ-૦૭માં કરેલા હુકમ સામે અપીલ કરવામાં આવી હોય ત્યારે, તેવા કિસ્સામાં,-

(૧) અપીલ અધિકારીએ એમ ઠરાવ્યું હોય કે યોગ્ય અધિકારીએ, નમૂના જીએસટી એસપીએલ-૦૭માં, વ્યાજ અથવા દંડ અથવા તે બંનેમાંથી મુક્તિ માટેની અરજી ખોટી રીતે રદ કરી છે, તો સદરહુ અપીલ અધિકારીએ, કોમન પોર્ટલ પર, સદરહુ અપીલનો સ્વીકાર કરતો અને કલમ ૧૨૮-ક હેઠળ કાર્યવાહી પૂરી કરતો હુકમ નમૂના જીએસટી એસપીએલ-૦૬માં કરવો જોઈશે; અથવા

(૨) અપીલ અધિકારીએ એમ ઠરાવ્યું હોય કે યોગ્ય અધિકારીએ, નમૂના જીએસટી એસપીએલ-૦૭માં, વ્યાજ અથવા દંડ અથવા તે બંનેમાંથી મુક્તિ માટેની અરજી સાચી રીતે રદ કરી છે, તો કલમ ૧૨૮ ક-ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા ખંડ (ગ)માં દર્શાવેલા હુકમ સામે અરજદારે કરેલી અને કલમ ૧૨૮ ક-ની પેટા-કલમ (૩) અનુસાર નમૂના જીએસટી એસપીએલ-૦૨-માં અરજી કરવા માટે પાછી ખેંચેલી મૂળ અપીલ કોઈ હોય, તો તે અપીલ અધિકારીએ નમૂના જીએસટી એપીએલ-૦૪માં હુકમ કર્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, અરજદાર પોર્ટલ પર નમૂના જીએસટી એસપીએલ -૦૮માં ઇલેક્ટ્રોનિક સ્વરૂપે ખાતરી આપે કે અપીલ અધિકારીના સદરહુ હુકમ સામે તેણે (અરજદારે) કોઈ અપીલ કરી નથી અથવા અપીલ કરવાનો ઈરાદો નથી તેવી શરતને અધીન રહીને, પૂર્વવત કરી શકાશે.

(૧૬) કલમ ૧૨૮કની પેટા-કલમ (૧)ના બીજા પરંતુક પ્રમાણે વેરો ચૂકવનારને વધારાની વેરા જવાબદારીની રકમ ચૂકવવાનું ફરમાવ્યું હોય અને સદરહુ પરંતુકમાં નિર્દિષ્ટ કરેલ સમયમર્યાદામાં આવી વધારાની ચુકવણી કરવામાં ન આવે, તો નમૂના જીએસટી એસપીએલ - ૦૫ અથવા નમૂના જીએસટી એસપીએલ - ૦૬ માં બહાર પાડવામાં આવેલ હુકમ, જો કોઈ હોય, તો તે મુજબ સદરહુ કલમ હેઠળ વ્યાજ, દંડ અથવા બંને જતા કરવાની બાબત રદબાતલ ઠરશે.

(૧૭) કલમ ૧૨૮ ક ની પેટા-કલમ (૧) માં જણાવેલી મુદત સિવાયની મુદતને લગતી માગણીના કારણે અથવા ભૂલચૂકવાળા રિફંડને લગતી કોઇ માગણીના સંબંધમાં, વ્યાજ, અથવા દંડ, અથવા બંનેની કોઇ રકમ ચૂકવવા માટે, વેરો ચૂકવનારને ફરમાવ્યું હોય અને નમૂના જીએસટી એસપીએલ-૦૫ અથવા નમૂના જીએસટી એસપીએલ-૦૬ માં, આવી રકમની વિગતો જણાવવામાં આવી હોય, ત્યારે તેવા કિસ્સામાં, અરજદારે, નમૂના જીએસટી એસપીએલ-૦૫ અથવા યથાપ્રસંગ, નમૂના જીએસટી એસપીએલ-૦૬ માં, હુકમ બહાર પાડયાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, વ્યાજ, અથવા દંડ, અથવા બંનેની સદરહુ રકમ ચૂકવવી જોઇશે અને સદરહુ રકમ, સદરહુ સમયગાળાની અંદર ચૂકવવામાં આવી ન હોય, ત્યારે નમૂના જીએસટી એસપીએલ-૦૫ અથવા નમૂના જીએસટી એસપીએલ-૦૬ માં બહાર પાડવામાં આવેલા હુકમ મુજબ, કલમ ૧૨૮ ક હેઠળ વ્યાજ, અથવા દંડ, અથવા બંને જતા કરવાની બાબત રદબાતલ ઠરશે.

સ્પષ્ટીકરણ.- આ નિયમના હેતુઓ માટે, આ નિયમ હેઠળ હુકમ બહાર પાડવા માટે યોગ્ય અધિકારી,-

(ક) કલમ ૧૨૮ક ની પેટા-કલમ (૧)ના ખંડ(ક)માં જણાવેલી નોટિસ અથવા પત્રકના સંબંધમાં વ્યાજ અથવા દંડ અથવા બંને જતા કરવા માટે અરજી કરવામાં આવે, ત્યારે તેવા કિસ્સામાં, કલમ ૭૩ મુજબ હુકમ બહાર પાડવા માટે યોગ્ય અધિકારી રહેશે; અને

(ખ) કલમ ૧૨૮ક ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા ખંડ (ગ)માં જણાવેલા હુકમના સંબંધમાં, વ્યાજ અથવા દંડ અથવા બંને જતા કરવા માટે અરજી કરવામાં આવે, ત્યારે તેવા કિસ્સામાં, અધિનિયમની કલમ ૭૯માં ઉલ્લેખેલા યોગ્ય અધિકારી રહેશે.".

૧૫. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી આરઇજી-૨૦-ને બદલે, નીચેનો નમૂનો મૂકવો:-

**"નમૂનો જીએસટી આરઇજી-૨૦**

[જુઓ નિયમ ૨૨(૪)]

સંદર્ભ નંબર - ઝેડએ૨૬૦૮૨૧૦૦૦૦૩૩એ

તારીખ: ( DD / MM / YYYY )

પ્રતિ,

વેરો ચૂકવનારનું નામ

વેરો ચૂકવનારનું સરનામું

જીએસટીઆઇએન (GSTIN)/ યુઆઇએન (UIN) : જીએસટીઆઇએન (GSTIN) નંબર

કારણદર્શક નોટિસ નંબર: એસસીએન નંબર તારીખ: DD/ MM/YYYY

રજિસ્ટ્રેશન રદ કરવા માટેની કાર્યવાહી બંધ કરવા માટેનો હુકમ

આ બાબત આપના ઉપર ઉલ્લેખ કરેલી કારણદર્શક નોટિસના પ્રત્યુત્તરમાં, તારીખ................., એઆરએન ......................થી, ફાઇલ કરેલા તમારા પ્રત્યુત્તરના સંદર્ભમાં છે. આપના પ્રત્યુત્તરને અને /અથવા સુનાવણી દરમિયાન કરેલી રજૂઆતોને ધ્યાને લઇને, રજિસ્ટ્રેશન રદ કરવા માટે શરૂ કરવામાં આવેલી કાર્યવાહીઓ નીચેના કારણોસર બંધ થયેલી ગણાશે:

< વિગતો >

અથવા

આ બાબત ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ના નિયમ ૧૦ક-ની જોગવાઈઓના ઉલ્લંઘન માટે આપવામાં આવેલી નોટિસ આરઈજી-૩૧- સંદર્ભ નંબર <<એસસીએન (SCN) નંબર >> તારીખ DD/MM/YYYY-ના સંદર્ભમાં છે.

તમે સિસ્ટમમાં કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો રજૂ કરી હોવાથી, રજિસ્ટ્રેશન રદ કરવા માટે શરૂ કરવામાં આવેલી કાર્યવાહીઓ, આથી, બંધ કરવામાં આવે છે.

અથવા

આ બાબત ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૨૯ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) અથવા ખંડ (ગ)ની જોગવાઇઓના ઉલ્લંઘન માટે આપવામાં આવેલી નોટિસ આરઈજી - ૩૧ - સંદર્ભ નંબર << એસસીએન (SCN) નંબર>> તારીખ DD/MM/YYYY -ના સંદર્ભમાં છે. ઉપર્યુક્ત નોટિસ આપ્યાની તારીખે બાકી હતા તે તમામ બાકી પત્રકો તમે રજૂ કર્યા છે અને સ્વયં આકારણી કરેલ વેરાની ચુકવણી કરી હોવાથી, રજિસ્ટ્રેશન રદ કરવા માટે શરૂ કરવામાં આવેલી કાર્યવાહીઓ, આથી, બંધ કરવામાં આવે છે.

રજિસ્ટ્રેશન મોકૂફ કરવાની બાબત, તારીખ : DD/MM/YYYY- થી અમલમાં આવે તેમ રદ કરવામાં આવશે.

સહી

< અધિકારીનું નામ >

હોદ્દો

હકૂમતનું સ્થળ :

તારીખ:".

૧૬. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી આરઈજી-૩૧માં, પરિચ્છેદ ૬-પછી, નીચેનો પરિચ્છેદ દાખલ કરવો:-

"અથવા

નિયમ ૧૦ક-ના ભંગને કારણે મોકૂફી

૧. એવું ધ્યાનમાં આવ્યું છે કે નિયમ ૧૦ક-ની જોગવાઈઓ અનુસાર, રજિસ્ટ્રેશન મંજૂર થયાના ત્રીસ દિવસની અંદર તમને બેંક ખાતાની વિગતો રજૂ કરવાનું ફરમાવ્યું છે, પરંતુ તમે રજિસ્ટ્રેશન મંજૂર થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર બેંક ખાતાની માન્ય વિગતો રજૂ કરેલ નથી.

૨. આ વિસંગતતા અથવા અનિયમિતતા પ્રથમ દ્રષ્ટિએ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)અને તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન સૂચવે છે તેથી તેનો ખુલાસો સંતોષપૂર્વક આપવામાં ન આવે, તો તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર રહેશે.

૩. ઉપરની વિસંગતતા અથવા અનિયમિતતા ગંભીર છે અને મહેસૂલના હિત માટે ગંભીર જોખમ ઊભું કરે છે તે ધ્યાને લેતાં, તાત્કાલિક પગલાં તરીકે, કલમ ૨૧ક ના સંબંધમાં, આ પત્રવ્યવહારની તારીખથી અમલમાં આવે તેમ, તમારું રજિસ્ટ્રેશન મોકૂફ રહેશે.

૪. તદનુસાર, ઉપર જણાવેલ વિસંગતતા અથવા અનિયમિતતા અથવા ઉલ્લંઘનનો ખુલાસો આપવા માટે, કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો પૂરી પાડવાની અથવા આ નોટિસ મળ્યાના ત્રીસ દિવસની અંદર હકૂમતક્ષેત્રના વેરા અધિકારીને જવાબ રજૂ કરવા માટે તમને વિનંતી કરવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ દ્વારા, કોઈપણ રીતે, જીએસટી કોમન પોર્ટલ પર તમારી ઓળખનો કોઈપણ સંભવિત દુરુપયોગ, ખાસ કરીને હકૂમતક્ષેત્ર ધરાવતા અધિકારીની જાણમાં લાવી શકાશે.

૫. નિયત સમયની અંદર કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો તમે રજૂ કરો તે પછી, રજિસ્ટ્રેશનની મોકૂફી ઉઠાવી લેવામાં આવશે.

૬. નિયત સમયની અંદર કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો રજૂ કરવામાં ચૂક થયે અથવા નિયત સમયની અંદર જવાબ રજૂ ન કરવાના કિસ્સામાં, તમારું રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે તેની નોંધ લેવા તમને વિનંતી છે.

અથવા

૧. એવું ધ્યાનમાં આવ્યું છે કે નિયમ ૧૦-ક ની જોગવાઈઓ અનુસાર, રજિસ્ટ્રેશન મંજૂર થયાના ત્રીસ દિવસની અંદર તમને બેંક ખાતાની વિગતો રજૂ કરવાનું ફરમાવ્યું છે. તમે પૂરી પાડેલી બેંક ખાતાની વિગતો સંબંધિત માહિતી, બેંક પાસે ઉપલબ્ધ વિગતો સાથે બંધબેસતી નથી.

૨. આ વિસંગતતાઓ અથવા અનિયમિતતા, પ્રથમ દ્રષ્ટિએ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન સૂચવે છે, તેથી તેનો ખુલાસો સંતોષપૂર્વક આપવામાં ન આવે, તો તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર રહેશે.

૩. ઉપરની વિસંગતતા અથવા અનિયમિતતા ગંભીર છે અને મહેસૂલના હિત માટે ગંભીર જોખમ ઊભું કરે છે તે ધ્યાને લેતાં, તાત્કાલિક પગલાં તરીકે, કલમ ૨૧ક ના સંબંધમાં, આ પત્રવ્યવહારની તારીખથી અમલમાં આવે તેમ, તમારું રજિસ્ટ્રેશન મોકૂફ રહેશે.

૪. તદનુસાર, ઉપર જણાવેલ વિસંગતતા અથવા અનિયમિતતા અથવા ઉલ્લંઘનનો ખુલાસો આપવા માટે, કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો પૂરી પાડવાની અથવા આ નોટિસ મળ્યાના ત્રીસ દિવસની અંદર હકૂમતક્ષેત્રના વેરા અધિકારીને જવાબ રજૂ કરવા માટે, તમને વિનંતી કરવામાં આવે છે. કોઇપણ વ્યક્તિ દ્વારા, કોઇપણ રીતે, જીએસટી કોમન પોર્ટલ પર તમારી ઓળખનો કોઇપણ સંભવિત દુરુપયોગ, ખાસ કરીને હકૂમતક્ષેત્ર ધરાવતા અધિકારીની જાણમાં લાવી શકાશે.

૫. નિયત સમયની અંદર કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો તમે રજૂ કરો તે પછી, રજિસ્ટ્રેશનની મોકૂફી ઉઠાવી લેવામાં આવશે.

૬. નિયત સમયની અંદર કોમન પોર્ટલ પર બેંક ખાતાની માન્ય વિગતો રજૂ કરવામાં ચૂક થયે અથવા નિયત સમયની અંદર જવાબ રજૂ ન કરવાના કિસ્સામાં, તમારું રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે તેની નોંધ લેવા તમને વિનંતી છે.

અથવા

નિયમ ૨૧ના ભંગના કારણે મોકૂફી

૧. એવું ધ્યાનમાં આવ્યું છે કે નિયમ ૨૧ ના ખંડ (ઝ) અથવા ખંડ (ટ) ની જોગવાઈઓ પ્રમાણે, કલમ ૩૯ ની પેટા-કલમ (૧) હેઠળ, તમને પત્રક રજૂ(ફાઇલ) કરવાનું ફરમાવ્યું છે , (તમે) સતત છ મહિનાની મુદત માટે અથવા સતત (પ્રથમ) અર્ધ-વાર્ષિક (two quarters)મુદત માટે પત્રક રજૂ કરેલ નથી.

૨. આ વિસંગતતા અથવા અનિયમિતતા પ્રથમ દ્રષ્ટિએ ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અને તે હેઠળ કરેલ નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન સૂચવે છે તેથી તેનો ખુલાસો સંતોષપૂર્વક આપવામાં ન આવે, તો તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર રહેશે.

૩. ઉપરની વિસંગતતા અથવા અનિયમિતતા ગંભીર છે અને મહેસૂલના હિત માટે ગંભીર જોખમ ઊભું કરે છે તે ધ્યાને લેતાં, તાત્કાલિક પગલાં તરીકે, કલમ ૨૧ક-ના પેટા-નિયમ (૨-ક)ના સંબંધમાં, આ પત્રવ્યવહારની તારીખથી અમલમાં આવે તેમ, તમારું રજિસ્ટ્રેશન મોકૂફ રહેશે.

૪. તદનુસાર, ઉપર જણાવેલ વિસંગતતા અથવા અનિયમિતતા અથવા ઉલ્લંઘનનો ખુલાસો આપવા માટે, કલમ ૩૯ ની પેટા-કલમ (૧) હેઠળ કોમન પોર્ટલ પર પત્રક ફાઇલ કરવાની અથવા આ નોટિસ મળ્યાના ત્રીસ દિવસની અંદર હકૂમતક્ષેત્રના વેરા અધિકારીને જવાબ રજૂ કરવા માટે તમને વિનંતી કરવામાં આવે છે. કોઇપણ વ્યક્તિ દ્વારા, કોઇપણ રીતે, જીએસટી કોમન પોર્ટલ પર તમારી ઓળખનો કોઇપણ સંભવિત દુરુપયોગ, ખાસ કરીને હકૂમતક્ષેત્ર ધરાવતા અધિકારીની જાણમાં લાવી શકાશે.

૫. કોમન પોર્ટલ પર કલમ ૩૯ ની પેટા-કલમ (૧) હેઠળ પત્રકો તમે ફાઇલ કરો તે પછી, રજિસ્ટ્રેશનની મોકૂફી ઉઠાવી લેવામાં આવશે.

૬. નિયત સમયની અંદર કોમન પોર્ટલ પર કલમ ૩૯ ની પેટા-કલમ (૧) હેઠળ પત્રકો ફાઇલ કરવામાં ચૂક થયે અથવા નિયત સમયની અંદર જવાબ રજૂ ન કરવાના કિસ્સામાં, તમારું રજિસ્ટ્રેશન રદ શકે છે તેની નોંધ લેવા તમને વિનંતી છે.

૧૭. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટીઆર- ૯ માં, કોષ્ટકમાં, ભાગ ૩ માં, અનુક્રમાંક નંબર ૮ માં, અનુક્રમાંક ક અને તેને સંબંધિત નોંધોને બદલે, નીચેનો અનુક્રમાંક અને નોંધો મૂકવી:-

| | | | | | |
|---|---|---|---|---|---|
| "ક | જીએસટીઆર - ૨-ખ (તેનું કોષ્ટક ૩) પ્રમાણે આઇટીસી (ITC) | <ઓટો> | <ઓટો> | <ઓટો> | <ઓટો>". |

૧૮. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી એપીએલ-૦૧માં, સન ૨૦૨૪ ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ,-

(ક) નોંધ નંબર ૧૫ માં,-

(૧) ખંડ(ક) માં, કોષ્ટકમાં, "વિગતો" ને લગતી પહેલી કોલમમાં, "અગાઉથી જમા કરાવેલ ચુકવણી (પ્રિ-ડિપોઝીટ)" ને લગતી બાબત (ખ) માં, "(ખ) દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા, રાજ્ય માલ અને સેવા વેરા અથવા ઉપકરના સંબંધમાં ૨૫ કરોડ રૂપિયાથી વધારે ન હોય અથવા સંકલિત માલ અને સેવા વેરાના સંબંધમાં ૫૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અને ઉપકરના સંબંધમાં ૨૫ કરોડ રૂપિયા હોય તેટલી વિવાદિત વેરા/ઉપકરના ૧૦% જેટલી પ્રિ-ડિપોઝીટ (અગાઉથી જમા કરાવેલ ચુકવણી)" એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આંકડાને બદલે, "દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા (સીજીએસટી), રાજ્ય માલ અને સેવા વેરા (એસજીએસટી), ઉપકર(સેસ)ના સંબંધમાં ૨૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અને સંકલિત માલ અને સેવા વેરા (આઈજીએસટી) ના સંબંધમાં ૪૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય તેટલી વિવાદિત વેરા/ઉપકરના ૧૦% જેટલી પ્રિ-ડિપોઝીટ (અગાઉથી જમા કરાવેલ ચુકવણી)" એ કૌંસ, અક્ષર, શબ્દો અને આંકડા મૂકવા;

(૨) ખંડ(ખ) માં, શરૂઆતના ભાગમાં, "(દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા, રાજ્ય માલ અને સેવા વેરા અથવા ઉપકરના સંબંધમાં ૨૫ કરોડ રૂપિયાથી વધારે ન હોય અથવા સંકલિત માલ અને સેવા વેરાના સંબંધમાં ૫૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અને ઉપકરના સંબંધમાં ૨૫ કરોડ રૂપિયા હોય તેટલી વિવાદિત વેરા અને ઉપકરના ૧૦% જેટલી પ્રિ-ડિપોઝીટ) " એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આંકડાને બદલે, "(દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા (સીજીએસટી), રાજ્ય માલ અને સેવા વેરા (એસજીએસટી), ઉપકર(સેસ)ના સંબંધમાં ૨૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અને સંકલિત માલ અને સેવા વેરા (આઈજીએસટી) ના સંબંધમાં ૪૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય તેટલી વિવાદિત વેરા અને ઉપકરના ૧૦% જેટલી પ્રિ-ડિપોઝીટ)" એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આંકડા મૂકવા.

૧૯. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી એપીએલ-૦૫ માં, સન ૨૦૨૪ ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ,-

(ક) નોંધ નંબર ૧૪માં,-

(૧) ખંડ(ક) માં, કોષ્ટકમાં, "વિગતો" ને લગતી પહેલી કોલમમાં, "અગાઉથી જમા કરાવેલ ચુકવણી (પ્રિ-ડિપોઝીટ)" ને લગતી બાબત (ખ) માં, "(ખ) (દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા, રાજ્ય માલ અને સેવા વેરા અથવા ઉપકરના સંબંધમાં ૫૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અથવા સંકલિત માલ અને સેવા વેરાના સંબંધમાં ૧૦૦ કરોડથી વધારે ન હોય અને ઉપકરના સંબંધમાં ૫૦ કરોડ રૂપિયા હોય તેટલી વિવાદિત વેરા/ઉપકરના ૨૦% જેટલી) પ્રિ-ડિપોઝીટ (અગાઉથી જમા કરાવેલ ચુકવણી)" એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આંકડાને બદલે, "દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા (સીજીએસટી), રાજ્ય માલ અને સેવા વેરા (એસજીએસટી), ઉપકર(સેસ)ના સંબંધમાં ૨૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અને સંકલિત માલ અને સેવા વેરા (આઈજીએસટી) ના સંબંધમાં ૪૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય તેટલી વિવાદિત વેરા/ઉપકરના ૧૦% જેટલી) પ્રિ-ડિપોઝીટ (અગાઉથી જમા કરાવેલ ચુકવણી)" એ કૌંસ, અક્ષરો, શબ્દો અને આંકડા મૂકવા;

(૨) ખંડ (ખ) માં, શરૂઆતના ભાગને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(ખ) દરેક કેન્દ્રીય માલ અને સેવા વેરા (સીજીએસટી), રાજ્ય માલ અને સેવા વેરા (એસજીએસટી), ઉપકર(સેસ)ના સંબંધમાં ૨૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય અને સંકલિત માલ અને સેવા વેરા (આઈજીએસટી) ના સંબંધમાં ૪૦ કરોડ રૂપિયાથી વધારે ન હોય તેટલી વિવાદિત વેરા અને ઉપકરના ૧૦% જેટલી પ્રિ-ડિપોઝીટ (અગાઉથી જમા કરાવેલ ચુકવણી) અને મંજૂર કરેલી રકમની ચુકવણીની વિગતો.".

૨૦. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી આઈએનએસ-૧ માં, પરિચ્છેદ (ગ)માં, "ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૭૯, ૧૮૧, ૧૯૧ અને ૪૧૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (૨૦૨૩ ના ૪૫ મા) ની કલમ ૨૧૪, ૨૧૬, ૨૨૭ અને કલમ ૩૧૮ ની પેટા-કલમ (૩)" એ શબ્દો, અક્ષરો, આંકડા અને કૌંસ મૂકવા.

૨૧. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી ડીઆરસી-૧ ક માં, સન ૨૦૨૪ ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ,-

(ક) શીર્ષકમાં, "૭૩(૫)/૭૪(૫)" એ આંકડા અને કૌંસ પછી, "/૭૪ક(૮)/૭૪ક(૯)" એ આંકડા અને કૌંસ દાખલ કરવા;

(ખ) ભાગ ક માં,-

(૧) વિષયમાં, "કલમ ૭૩(૫)/કલમ ૭૪(૫)" એ શબ્દો, કૌંસ અને આંકડા પછી, "/ ૭૪ક(૮)/૭૪ક(૯)" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા;

(૨) પહેલા પરિચ્છેદમાં, "કલમ ૭૩(૫)/૭૪(૫) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડા પછી, "/ ૭૪ક(૮)/૭૪ક(૯)" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા;

(૩) ચોથા પરિચ્છેદ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:-

"અથવા

આથી તમને........... (તારીખ) સુધીમાં લાગુ પડતા વ્યાજની રકમ સાથે, ઉપર સુનિશ્ચિત કર્યા મુજબના વેરાની રકમ ચૂકવવાની સલાહ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ થયેથી, સદરહુ કલમની પેટા-કલમ (૫) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૭૪ ક ની પેટા-કલમ (૧) હેઠળ કારણદર્શક નોટિસ આપવામાં આવશે.

અથવા

આથી તમને........... (તારીખ) સુધીમાં લાગુ પડતા વ્યાજ અને દંડની રકમ સાથે, ઉપર સુનિશ્ચિત કર્યા મુજબના વેરાની રકમ ચૂકવવાની સલાહ આપવામાં આવે છે, જેમાં નિષ્ફળ થયેથી, સદરહુ કલમની પેટા-કલમ (૫) ના ખંડ (૨) સાથે વાંચતા, કલમ ૭૪ ક ની પેટા-કલમ (૧) હેઠળ કારણદર્શક નોટિસ આપવામાં આવશે.

(ગ) ભાગ ખ માં, પહેલા પરિચ્છેદમાં, "કલમ ૭૩(૫)/૭૪(૫) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડા પછી, "/ ૭૪ક(૮)/૭૪ક(૯)" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા.

૨૨. સદરહુ નિયમોમાં, નમૂના એસબીવાય-૦૬ પછી, નીચેના નમૂના સન ૨૦૨૪ ના નવેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, દાખલ કરવા:-

**"નમૂનો જીએસટી એસપીએલ-૦૧**

**[જુઓ નિયમ ૧૬૪(૧)]**

કલમ ૧૨૮ ક ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) માં જણાવેલી નોટિસ અથવા પત્રકના સંબંધમાં, સદરહુ કલમ હેઠળ વ્યાજ અથવા દંડ અથવા બંનેની માફી માટેની અરજી.

સંદર્ભ ક્રમાંક: તારીખ:

**કોષ્ટક ૧**

| **અનુક્રમાંક** | **વિગતો** | | |
|---|---|---|---|
| ૧ | ક | જીએસટીઆઈએન/કામચલાઉ આઇડી/યુઆઇએન | |
| | ખ | ધંધાનું કાનૂની નામ (પાન (PAN) નંબરમાં જણાવ્યા મુજબ) | |
| | ગ | મોબાઇલ નંબર | |
| | ઘ | ઈમેઇલ એડ્રેસ | |
| | ચ | સરનામું | |
| | છ | હકૂમત | |

**કોષ્ટક ૨**

| **૨** | **અનુક્રમાંક** | **નોટિસની વિગતો** | |
|---|---|---|---|
| | ૧ | નોટિસ/ પત્રક નંબર | |
| | ૨ | નોટિસ/ પત્રક બહાર પાડ્યાની તારીખ | |
| | ૩ | નોટિસ/ પત્રક જે કલમ હેઠળ બહાર પાડી હોય તે કલમ | Drop down |
| | ૪ | નોટિસ/ પત્રક ની સામે હાઈકોર્ટ/ સુપ્રીમ કોર્ટ સમક્ષ કોઇ રીટ પિટીશન દાખલ કરેલ છે કેમ? | Drop down |
| | ૫ | જો '૪'માં હા હોય, તો રિટપિટીશન પરત ખેંચવાનો હુકમ કરેલ છે કે કેમ ? | Drop down |
| | ૬ | શું નોટિસ/પિટીશનમાં ખોટા રિફંડની માંગણીનો સમાવેશ થાય છે કે કેમ ? | Drop down |

### કોષ્ટક ૩

(રકમ રૂ. માં)

